સત્યમેવ જયતે

રજુ તારીખ : ૨૮–૧૦–૨૦૧૫
દાખલ તારીખ : ૨૮–૧૦–૨૦૧૫
ફેંસલ તારીખ : ૨૭–૦૮–૨૦૧૯
સમયગાળો : વર્ષ માસ દિવસ

**ગાંધીનગરના ચોથા એડીશનલ સીનીયર સીવીલ જજની કોર્ટમાં, મુ.ગાંધીનગર.**

..........................................................................

**સ્પેશીયલ દિવાની દાવા નં. ૧૯૦/૨૦૧૫**
**આંક : ૭૨**

<u>વાદીઓ</u> :– **૧. લક્ષ્મીબેન કાળાભાઈ રાઠોડ**
રહે. ઘર નં.૧૪૦૬/૧૮૫, ચામુડાની ચાલી,
નરોડા રોડ, અરવિંદ મીલની સામે, અમદાવાદ.
**૨. ગણપતભાઈ કાળાભાઈ રાઠોડ**
રહે. ગામ : ધણીયોલ, તા.દહેગામ, જિ. ગાંધીનગર.
**૩. શકરીબેન કાળાભાઈ રાઠોડ**
રહે. ગામ : પાલજ, તા.જિ.ગાંધીનગર.
**૪. વાલીબેન કાળાભાઈ રાઠોડ**
રહે. ગામ : દશેલા, તા.જિ.ગાંધીનગર.
**૫. કાન્તાબેન કાળાભાઈ રાઠોડ**
રહે. ગામ : પીંપળજ, તા.દહેગામ, જિ.ગાંધીનગર.
**૬. રેવાભાઈ કાળાભાઈ રાઠોડ**
રહે. ગામ : ધણીયોલ, તા.દહેગામ, જિ.ગાંધીનગર.

<u>વિરુઘ્ધ</u>

<u>પ્રતિવાદીઓ</u> :– **મોહનભાઈ કાળાભાઈ રાઠોડ**
રહે. ગામ : ધણીયોલ, તા.દહેગામ, જિ.ગાંધીનગર.

---

**બાબત : સંયુકત હિન્દુ કુટુંબની મિલકતમાંથી હિસ્સો મેળવવા માટે**

---

**વાદી તરફે વિધ્વાન વકીલ શ્રી : ડી.એસ.ભાલકીયા**

**પ્રતિવાદી તરફે વિધ્વાન વકીલ શ્રી : એસ.એસ.ગોહિલ**

---

## <u>ચુ કા દો</u>

(૧) આ કામે વાદીના દાવાની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના વાદીઓ તેમજ પ્રતિવાદીઓ સગા ભાઈ બહેન થાય છે અને તેઓના પિતાશ્રી કાળાભાઈ ચેહરાભાઈ રાઠોડનું અવસાન તા.૨૧–૪–૧૯૯૦ ના રોજ થયેલ. ત્યારબાદ તેઓની માતા ડાહીબેન કાળાભાઈ રાઠોડ નાઓનું અવસાન તા.૧૫–૭–૧૯૯૯ ના રોજ થયેલ છે. આ કામના વાદી તેમજ પ્રતિવાદીઓ ગુજરનારના સીધી લીટીના વારસદારો થાય છે. વાદી અને પ્રતિવાદીના પિતાશ્રી કાળાભાઈ ચેહરાભાઈ રાઠોડ ખેડૂત હતા અને તેઓ ખેતીકામ કરતા હતા અને તેઓની દાવાવાળી જમીન દાવા અરજીમાં જણાવ્યા મુજબની છે. આ કામે વાદીઓના પિતાજીનું અવસાન થતા આ કામના પ્રતિવાદીએ જિલ્લો ગાંધીનગર તા.દહેગામ પાટનાકુવાની સીમ નં.૧૩૩ ના બ્લોક સર્વે નં.૩૮૧ વાળી ખેતીવાળી જમીનમાંથી કાળાભાઈ ચેહરાભાઈના ભાગે આવતી ભાઈઓ ભાગની ખેતીની જમીનનું ક્ષેત્રફળ ૦–૬૬–૧૧ હે.આરે.ચો.મી. જમીનમાંથી કાળાભાઈ ચેહરાભાઈ રાઠોડના ભાગે આવતી ૧ વીઘો ખેતીની જમીન અને સર્વે નં.૪૭૦ વાળી ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ ૦–૩૩–૪૧ હે.આરે.ચો.મી. વાળી ખેતીની જમીન ગેરકાયદેસર રીતે પોતે પચાવી પાડવાની પેરવીઓ કરી રહેલ છે અને વાદીઓનો હકક હીસ્સો ડૂબાડવાનો પ્રયત્ન કરી રહેલ છે. આ કામના પ્રતિવાદી વાદીઓને સદર જમીન ઉપરથી આવતા જતા રોકે છે. જે કૃત્ય કરવાનો પ્રતિવાદીઓને કોઈ હકક અધિકાર નથી. દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં વાદી તેમજ પ્રતિવાદીના નામ ચાલે છે અને દાવાવાળી જમીન સંયુકત હીન્દુ કુટુંબની આવેલી છે. દાવાવાળી મિલકતમાં વાદી ૬/૮ ભાગનો હકક હીસ્સો મેળવવા હકકદાર છે.

(૨) આ કામના વાદી તેમજ પ્રતિવાદીઓના પિતાજીએ અશોક મીલની નવી ચાલીમાં ઘર નં.૧૪૦૬/૧૮૫ વાળુ મકાન સને–૧૯૮૧ માં ખરીદેલ હતુ. જે મકાનને વાદી

ગણપતભાઈ કાળાભાઈ રાઠોડ નાઓએ સને–૨૦૦૧ માં કાચુ મકાન પાડી સીમેન્ટ કોક્રીટ ધાબાવાળુ બે માળનું મકાન વ્યકિત ગત રીતે રૂા.૩,૦૦,૦૦૦/– ખર્ચ કરીને બનાવેલ હતું. તેમા પ્રતિવાદીઓએ ખર્ચમાં કોઈ પણ હીસ્સો આપેલ નથી. જે મકાનમાં પ્રતિવાદી મોહનભાઈ કાળાભાઈ નીચે રહે છે અને વાદી ગણપતભાઈ બીજા માળે રહે છે તેમજ આ કામના વાદી ગણપતભાઈએ તેઓની બહેનોના મામેરાના પ્રસંગમાં તમામ ખર્ચો કરેલ છે.

(૩) આ કામે વાદી અને પ્રતિવાદીની બહેન બેનીબેન વિઠ્ઠલભાઈ ચમાર કે જેઓ તા.૧૭–૦૪–૨૦૧૧ ના રોજ મરણ ગયેલ છે. તેઓના હીસ્સાની વાદીઓ માંગણી કરતા ન હોય તેઓનો હીસ્સો બાકાત રાખી સદર દાવામાં વાદીઓના કાયદેસરના હીસ્સાની માંગણી કરતા હોય અને તઓના વારસદારોને જરૂરી પક્ષકાર માનતા ન હોય આ દાવામાં પક્ષકાર તરીકે જોડેલ નથી. આમ, વાદીએ દાવા અરજીમાં જણાવ્યા મુજબની સ્થાવર મિલકતમાં ૬/૮ હીસ્સો ભાગ હીસ્સો છે તેવું ઠરાવી આપવા હાલનો દાવો કરેલો છે.

(૪) આ કામના પ્રતિવાદીને દાવાનો સમન્સ બજી જતા તેઓએ આંક–૨૬ થી લેખિત જવાબ રજુ રાખેલો છે. તેઓએ હાલના દાવાની હકીકતનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, અશોકની ચાલી ઘર નં.૧૪૦૬/૧૮૫ વાળી મિલકત અમદાવાદની છે તેમજ ધણીયોલ તા.દહેગામ જી.ગાંધીનગરનું મકાન ઘર નં.૨૩૯ જે દાવાવાળી મિલકત બતાવેલ છે. જેની હકૂમત અત્રેની અદાલતમાં આવતી ન હોય દાવો કાઢી નાખવા અરજ કરેલ છે તેમજ ધણીયોલ તા.દહેગામ, જી.ગાંધીનગર ઘર નં.૨૩૯ પ્રતિવાદીના ઘરમાં આવેલ છે જે મકાન પ્રતિવાદીનું છે તેમજ તેઓના પિતાશ્રીએ એક વીઘો જમીન જે ગામ ધણીયોલ તા.દહેગામ જી.ગાંધીનગર બ્લોક સર્વે નં.૩૫૭ પૈકી જે ગલીબેન અંબાલાલ રાઠોડના નામની હોય જે તેઓના પિતાશ્રીએ વેચાણ રાખેલ. જેનો દસ્તાવેજ કરેલ નહી અને તે જમીન ગણપતભાઈ કાળાભાઈના ભાગમાં આવેલ અને તેઓ ખેતી કરીને ઉપજ નીપજ મેળવતા હતા અને તેઓને પૈસાની જરૂરીયાત ઉપસ્થિત થતાં જમીન તેઆએ વેચી મારેલી અને તેની રકમનો કોઈ ભાગ પ્રતિવાદીને આપેલ નહી અને દાવાવાળી મિલકત દહેગામ પાટનાકૂવા સીમના

ખાતા નં.૧૩૩ ના બ્લોક સર્વે નં.૩૮૧ વાળી ખેતીવાળી જમીનમાંથી કાળાભાઈ ચેહરાભાઈના નામે આવતી ભાઈઓ ભાગની ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ ૦–૬૬–૧૧ હે.આરે.ચો.મી. તે જમીનમાંથી કાળાભાઈ ચેહરાભાઈ રાઠોડના ભાગે આવતી એક વીઘો ખેતીની જમીન જે તેઓના ભાગમાં આવેલ. જેનો સર્વે નં.૪૭૦ છે તેમજ ગણપતભાઈએ અશોક મીલની નવી ચાલી ઘર નં.૧૪૦૬/૧૮૫ અમદાવાદ વાળું મકાન સને–૨૦૦૧ માં કાચુ મકાન પાડી તેનો સામાન એકલાએ વેચી મારેલ છે. તેમાંથી પ્રતિવાદીને કોઈ ભાગ આપેલ નથી અને પ્રતિવાદીને ગણપતભાઈ શારીરિક અને માનસીક ત્રાસ આપે છે. આમ, વાદીનો હાલનો દાવો ટકવાપાત્ર ન હોય રદ્દ કરવા અરજ કરેલ છે.

(૫) આ કામના પક્ષકારોએ સદરહું દાવાના કામે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**વાદી તર્ફે મૌખિક પુરાવો:–**

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી નં.૨ ગણપતભાઈ કાળાભાઈ રાઠોડ | ૨૮ |

**વાદી તર્ફે દસ્તાવેજી પુરાવો:–**

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | કાળાભાઈ ચહેરાભાઈ રાઠોડ નાઓનું મરણનું પ્રમાણપત્ર | ૩૨ |
| ૨ | ડાહચીબેન કાળાભાઈ રાઠોડ નાઓનું મરણનું પ્રમાણપત્ર | ૩૩ |
| ૩ | સર્વે નં.૩૮૧ અને ૪૭૦ નો ઉતારો | ૩૪ |
| ૪ | જિલ્લો ગાંધીનગર તાલુકો દહેગામ ગામ ધણીઓલમાં આવેલ મકાન નં.૨૩૯ ના વેરાની પહોંચ | ૩૫ |
| ૫ | અશોક મીલની ચાલીના ઘર નં.૧૪૦૬/૮૫ વાળા મકાનની અમદાવાદ મહાનગરપાલિકાના ટેક્ષની પહોંચ | ૩૬ |
| ૬ | પેઢીનામુ | ૩૮ |

આ કામે પ્રતિવાદી તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ નથી.

(૬) આ કામે વાદીના વિધ્વાન વકીલશ્રી ધ્વારા મૌખિક દલીલ કરવામાં આવેલ છે, જે સાંભળી. પ્રતિવાદી તરફે કોઈ દલીલ કરવામાં આવેલ નથી જેથી તેઓનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) આ કામે મારી અગાઉના વિધ્વાન સીવીલ જજશ્રીએ આ દાવાના નિર્ણય અર્થે આંક–૨૭ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે.

**મુ દ્દા ઓ**

| | |
|---|---|
| ૧. | શું વાદી પુરવાર કરે છે કે, ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ગામ પાટનાકૂવાની સીમના ખાતા નં.૧૩૩ ના બ્લોક/સર્વે નં.૩૮૧ વાળી ખેતીની જમીનમાંથી તેઓના પિતા કાળાભાઈ ચહેરાભાઈના ભાગે આવતી એક વીઘો જમીન તથા સર્વે નં.૪૭૦ ની ખેતીની જમીનમાં પ્રતિવાદી, વાદીનો હકક હિસ્સો ડૂબાડવાની કોશીષ કરી રહયા છે ? |
| ૨. | શું વાદી પુરવાર કરે છે કે, અશોક મીલની નવી ચાલીમાં ઘર નં.૧૪૦૬/૧૮૫ તેઓના પિતાશ્રીએ ખરીદ કરેલ અને ૨૦૦૧ માં કાચુ મકાન પાડીને પાકુ મકાન વાદી ગણપતભાઈ નાઓએ વ્યકિતગત રીતે રૂા.૩,૦૦,૦૦૦/– ખર્ચ કરી બનાવેલ છે ? |
| ૩. | શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ગામ પાટનાકૂવાની સીમના ખાતા નં.૧૩૩ ના બ્લોક નં.૩૮૧ વાળી ખેતીની જમીન તેઓના ભાગે આવેલ છે ? |
| ૪. | શું વાદી તેની દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| ૫. | શું હુકમ અને હુકમનામુ ? |

ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

**નિ ર્ણ યો**

| | |
|---|---|
| ૧ | નકારાત્મક. |
| ૨ | નકારાત્મક. |
| ૩ | નકારાત્મક. |
| ૪ | નકારાત્મક. |
| ૫ | આખરી હુકમ મુજબ. |

## -: કારણો :-

(૮) આ દાવાના આખરી નિર્ણય માટે ઘડવામાં આવેલ તમામ મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તમામની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

**<u>મુદા નંબર : ૧ થી ૫ માટે :-</u>**

(૮.૧) સદર દાવામાં વાદીએ નીચે મુજબની દાદ માંગે છે.

**(એ)** જિલ્લો ગાંધીનગર તાલુકો દહેગામ ગામ પાટનાકૂવાની સીમના ખાતા નં.૧૩૩ ના બ્લોક/સર્વે નં.૩૮૧ વાળી ખેતીની જમીનમાંથી કાળાભાઈ ચહેરાભાઈના ભાગે આવતી ભાઈઓ ભાગની ખેતીની જમીનનું ક્ષેત્રફળ ૦-૬૬-૧૧ હે.આરે.ચો.મી. તે જમીનમાંથી કાળાભાઈ ચહેરાભાઈ રાઠોડના ભાગે આવતી એક વીઘો ખેતીની જમીન અને સર્વે નં.૪૭૦ વાળી ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ ૦-૩૩-૪૧ હે.આરે.ચો.મી. વાળી ખેતીની જમીન.

**(બી)** જિલ્લો ગાંધીનગર તાલુકો દહેગામ ગામ ધણીયોલ ગામે ઘર નં.૨૩૯ વાળું પાકુ મકાન.

**(સી)** અશોક મીલની ચાલીના ઘર નં.૧૪૦૬/૧૮૫ વાળુ પાકુ બે માળનું મકાન ઉપરોકત મિલકતોમાં વાદીઓનો ૬/૮ ભાગ હિસ્સો છે તેવું ઠરાવી આપવા તથા તે મુજબનો ભાગ કરી કબજો સોંપી આપવા વાદીના લાભમાં ને પ્રતિવાદીઓના વિરૂઘ્ઘમાં હુકમનામુ ફરમાવવા અરજ કરેલ છે.

(૮.૨) આ કામે વાદી નં.૨ ગણપતભાઈ કાળાભાઈ રાઠોડ નાઓએ આંક : ૨૮ થી સરતપાસનું સોગંદનામુ રજૂ રાખેલ છે. હાલના દાવામાં વાદીએ સૌપ્રથમ મિલકત નં.૧ જિલ્લો ગાંધીનગરના ગામ પાટનાકૂવાની સીમના ખાતા નં.૧૩૩ ના બ્લોક/સર્વે નં.૩૮૧ વાળી ખેતીની જમીનમાંથી કાળાભાઈ ચહેરાભાઈના ભાગે આવતી ભાઈઓ ભાગની ખેતીની જમીનનું ક્ષેત્રફળ ૦-૬૬-૧૧ હે.આરે.ચો.મી. તે જમીનમાંથી કાળાભાઈ ચહેરાભાઈ

રાઠોડના ભાગે આવતી એક વીઘો ખેતીની જમીન તેમજ બ્લોક/સર્વે નં.૪૭૦ વાળી ખેતીની જમીનમાં પોતાના ભાગે પડતી જમીનના કબજાની માંગણી કરેલ છે. સદર કામે આંક : ૩૪ થી બ્લોક/સર્વે નં.૩૮૧ અને ૪૭૦ નો દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ છે. આંક : ૩૪ થી રજૂ થયેલ દસ્તાવેજી પુરાવામાં હાલના વાદીઓ તથા પ્રતિવાદી તથા મૈયત મોતીભાઈ ચહેરાભાઈના વારસોના નામ છે. હાલના દાવામાં વાદીની રજૂઆત છે કે, સર્વે નં.૩૮૧ માં તેઓના પિતાશ્રી કાળાભાઈ ચહેરાભાઈના ભાગે આવતી એક વીઘો જમીનમાં તેઓનો હકક, હિત્ત, હિસ્સો પોસાય છે. પરંતુ આંક : ૩૪ થી રજૂ થયેલ સર્વે નં.૩૮૧ માં વાદીઓ તેમજ પ્રતિવાદી અને મોતીભાઈ ચહેરાભાઈના વારસોના નામ છે તેમજ આ કામે સર્વે નં.૩૮૧ ની વાદીના પિતાના ભાગે એક વીઘો જમીન આવેલ છે તે દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ નથી તેમજ સર્વે નં.૪૭૦ વાળી જમીનમાં વાદી અને પ્રતિવાદી અને મોતીભાઈ ચહેરાભાઈના વારસોના નામ છે અને તેમાંથી વાદીઓએ પોતાનો ૬/૮ ભાગની માંગણી કરેલ છે. પરંતુ સદર બંને દાવાવાળી મિલકતોમાં મોતીભાઈ ચહેરાભાઈના વારસોના તેમજ કાળાભાઈ ચહેરાભાઈની પુત્રી બેનીબેન કાળાભાઈનું નામ છે અને તેઓ સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર–૧, રૂલ–૧૦ મુજબ જરૂરી હિત ધરાવતા પક્ષકારો છે અને તેઓને હાલના દાવામાં વાદીએ જોડેલ નથી. જેથી હાલના દાવાને જરૂરી પક્ષકારોનો બાધ નડે છે.

(૮.૩) આ કામના વાદીએ જિલ્લો ગાંધીનગર તાલુકો દહેગામ ગામ ધણીયોલ ગામે ઘર નં.૨૩૯ વાળુ પાકુ મકાન તેમજ અશોક મીલની ચાલીના ઘર નં.૧૪૦૬/૧૫ વાળુ પાકા બે માળના મકાનમાં તેઓનો હકક, હિત્ત, હિસ્સો પોસાતો હોય તેઓના ભાગની માંગણી કરેલ છે. સદર કામે આંક : ૩૮ થી કાળાભાઈ ચહેરાભાઈ નાઓનું પેઢીનામુ રજૂ રાખેલ છે. તે ધ્યાને લેતા તેઓની પુત્રી બેનીબેન કે તેમના વારસો હાલના દાવામાં જરૂરી પક્ષકાર હોવા છતાં તેઓને હાલના દાવામાં જોડેલ નથી. વધુમાં દાવાવાળી મિલકત સર્વે નં.૩૮૧ માં વાદીએ તેઓના પિતાના ભાગે ભાઈઓ ભાગે એક વીઘો જમીન આવેલ છે તે દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ નથી. આમ, કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે,

જયારે વાદી સ્થાવર મિલકતમાં વિભાજન કરાવવા માંગતા હોય ત્યારે તેની સંપૂર્ણ મિલકતોની વિગતો અને તેની માલિકી અંગે તેઓના દાવામાં જણાવવું જોઈએ. પરંતુ હાલના દાવામાં સર્વે નં.૩૮૧ અને સર્વે નં.૪૭૦ માં વાદીના પિતાશ્રીને કેટલો ભાગ આવેલ છે તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ નથી.

(૮.૪) વધુમાં આ કામના પ્રતિવાદી સર્વે નં.૩૮૧ તેમજ ૪૭૦ વાળી ખેતીની જમીનમાં પ્રતિવાદી વાદીનો હકક, હિત્ત, હિસ્સો ડૂબાડવાની કોશીસ કરી રહેલ છે કે કેમ ? તે અંગે તેઓ કોઈ પુરાવો રજૂ રાખેલ નથી તેમજ વાદીએ અશોક મીલની નવી ચાલીમાં ઘર નં.૧ ૪૦૬/૧૮૫ માં તેઓએ ૨૦૦૧ માં કાચુ મકાન પાડી પાકુ મકાન તેઓએ વ્યકિતગત રીતે રૂા.૩,૦૦,૦૦૦/– નો ખર્ચ કરી બનાવેલ છે તે અંગેનો પુરાવો પણ આ કામે રજૂ રાખેલ નથી.

(૮.૫) હાલના દાવામાં પ્રતિવાદીએ ૩૮૧ વાળી ખેતીની જમીન તેઓના ભાગે આવેલ છે તેવી રજૂઆત છે. પરંતુ તેઓએ પોતાની રજુઆતના સમર્થનમાં તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ નથી કે પુરાવાથી પુરવાર કરેલ નથી.

(૮.૬) આમ, ઉપરોકત રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા વાદીએ હાલના દાવામાં આંક : ૩૮ થી રજૂ થયેલ પેઢીનામામાં જણાવ્યા મુજબના તેમજ સર્વે નં.૩૮૧ અને ૪૭૦ મુજબના આંક : ૩૨ થી રજૂ થયેલ દસ્તાવેજ મુજબના તમામ પક્ષકારોને હાલના દાવામાં જોડેલ નથી તેમજ મૈયત મોતીભાઈ ચહેરાભાઈના વારસોને હાલની દાવાવાળી મિલકતમાં કોઈ હકક, હિત્ત, હિસ્સો નથી તેવું પણ પુરવાર કરેલ નથી. જેથી હાલના દાવાને સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર – ૧, રૂલ – ૧૦ મુજબ જરૂરી પક્ષકારોનો બાધ નડે છે તેમજ દાવાવાળી મિલકત સર્વે નં.૩૮૧ અને ૪૭૦ વાળી જમીન માત્ર કાળાભાઈ ચહેરાભાઈના ભાગે આવેલ છે તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજૂ રાખેલ નથી. જે સંજોગોમાં વાદી હાલના દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા

હકકદાર બનતા નથી. જેથી મુદ્દા નંબર : ૧ થી ૪ નો નિર્ણય '' નકારાત્મક '' આપી મુદ્દા નંબર : ૫ સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) વાદીનો હાલનો દાવો આથી રદ કરવામાં આવે છે.

(૨) દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૨૭, માહે : ઓગસ્ટ, સને : ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તારીખ : ૨૭–૦૮–૨૦૧૯.
મુકામ: ગાંધીનગર.

**(કુ.જીનલ વસંતભાઈ શાહ)**
**ચોથા એડીશનલ સીનીયર સીવીલ જજ**
**ગાંધીનગર.**
**(કોડ નં. જી.જે.૦૧૦૫૭)**